ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# સેક્ટર-૪ માંથી ૭૫ વર્ષીય પ્રૌઢાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાંથી સ્વાઈન ફ્લુનો એક પોઝીટીવ કેસ મળી આવ્યો છે. સેક્ટર-૪માંથી આ કેસ મળી આવેલ છે. આ સાથે

**શહેરમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૪ થઈ : સઘન સર્વેલન્સના આદેશો**

શહેરમાંથી સ્વાઈન ફ્લુ પોઝીટીવ કેસની સંખ્યા ૪ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે ૭૫ વર્ષીય પ્રૌઢાને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાઈ આવેલ છે. આ પ્રૌઢાને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

આ અગાઉ સે. ૨, ૩ અને ૫ માંથી સ્વાઈન ફ્લુના પોઝીટીવ કેસ મળ્યા છે. નવા સેક્ટરોમાંથી આ કેસો મળી રહ્યા હોવાથી શહેરી આરોગ્યતંત્રએ સઘન સર્વેલન્સના આદેશો પણ જારી કર્યા છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે સે. ૪માં હાથ ધરાયેલ દર્દીના નિવાસસ્થાન અને તેની આસપાસના વિસ્તારોમાંથી કોઈ શંકાસ્પદ કેસ મળી આવેલ નથી. જોકે જુદા જુદા વિસ્તારોમાંથી છુટા છવાયા કેસો મળતાં તંત્રએ સઘન સર્વેલન્સના આદેશો આપ્યા છે.

શહેરમાંથી મળેલા ૪ દર્દીઓ પૈકી ૩ ને હોસ્પિટલમાંથી સાજા થઈ જતાં રજા આપવામાં આવી છે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

# દાંડીકુટિરમાં ૬૦ દેશોના પ્રતિનિધિઓ રવિવારે ગાંધી જીવન ઝાંખી નિહાળશે

**ગાંધીનગરના મહેમાન બનેલ ૬૦ દેશોના મંત્રીઓ અને અધિકારીઓ દાંડી કુટીર ઉપરાંત ગાંધી આશ્રમની મુલાકાતે જશે**

ગાંધીનગર, તા. ૨૮

વિશ્વના ૬૦ દેશોના સેનીટેશન અને આરોગ્ય વિષયો સંભાળતા મંત્રીશ્રીઓ અને અધિકારીઓ આજથી બે દિવસના ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

દિલ્હી ખાતે મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે યોજાયેલ ખાસ કન્વેનશનમાં ભાગ લેવા આવેલા આ પ્રતિનિધિઓ ખાસ વિમાન મારફતે ૨૯મીએ ગુજરાત આવશે.

આ પ્રતિનિધિઓ ૩૦મીએ સાબરમતી ગાંધી આશ્રમની મુલાકાતે જશે ત્યાંથી સીધા તેઓ ગાંધીનગર મહાત્મા મંદિર આવશે. અહિ તેઓ દાંડીકુટિર જોશે.

દાંડીકુટિરમાં ગાંધી જીવનની ઘણી બધી વાતો આ ડેલિગેશન નિહાળશે. ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આ અંગે તડામાર તૈયારીઓ પણ ચાલી રહી છે.

બપોર બાદ આ પ્રતિનિધિ મંડળ સાબરકાંઠા જિલ્લાના પુંસરીની મુલાકાતે જશે. આ મુલાકાત બાદ પુનઃ આ પ્રતિનિધિમંડળ ગાંધીનગર થઈ અમદાવાદ પહોંચશે.

મહાત્મા મંદિર ખાતે આ પ્રતિનિધિ મંડળની મુલાકાત વેળાએ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ વિશેષ હાજર રહી અને પ્રતિનિધિમંડળનું સ્વાગત કરશે. તેમજ આ પ્રતિનિધિમંડળ સાથે એક બેઠક પણ કરશે.

# સ્વર્ણિમ પાર્ક વધુ નયનરમ્ય બનાશે રંગબેરંગી ફુલોથી પાર્કની સુદરતા નિખરશે

**ખજુરીના રોપાઓની વાવણી કરાઇ : તળાવમાં પણ લાલ વાદળી પીળા રંગના ફુલો ખીલશે : નિંદામણ દુર કરવા માટે પાર્કમાં ઘોડાઘાસની વાવણી : વિભાગમાં પ્રેઝન્ટેશનના અંતે કામગીરી આખરી કરાશે**



ગાંધીનગર તા ૨૮

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કમાં નવા રોપાઓની વાવણી સાથે બ્યુટીફીકેશનનુ કામ હાથ ધરાયુ છે. સ્વર્ણિમ પાર્કમાં હરિયાળી લોન અને તળાવ વચ્ચે રંગબેરંગી ફુલો નિખરે તે માટે વિવિધ પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવી છે. જયારે પાર્કની સુંદરતા વધુ નિખરે તે માટે ઘોડાઘાસ અને ખજુરીના રોપાઓની પણ વાવણી કરવામાં આવી છે. જો કે પ્રાયોગિક ધોરણે હાથ ધરાયેલી આ કામગીરીના અંતે વિભાગના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પાર્કના બ્યુટીફીકેશન અંગે પ્રેઝન્ટેશન રજુ કરાશે જયારે સ્વર્ણિમ પાર્કમાં સ્થિત પાંચ તળાવમાં પણ પીળા , વાદળી અને લાલ રંગના ફુલો નિખરે તે માટે પણ નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવશે.

શહેરમાં મુખ્ય બે માર્ગને જોડતા સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓ માટે અનેક આકર્ષણો જોવા મળી રહ્યા છે. સ્વર્ણિમ પાર્કમાં વોટર શો ઉપરાંત હરિયાળી લોન વચ્ચે વિવિધ પ્રકારના પ્લાન્ટેશન તેમજ વોટર બોડી , બાળકો માટે રમતગમતના તેમજ કસરતના સાધનો ઉપરાંત સીટીંગ અમ્બ્રેલા પણ જોવા મળી રહ્યા છે. સ્વર્ણિમ પાર્ક શહેરીજનો ઉપરાંત બહારગામથી આવતા મુલાકાતીઓ માટે પણ આકર્ષણનુ કેન્દ્ર બન્યુ છે. જયારે પાર્કની સુંદરતા બરકરાર રાખવા માટે પણ પ્રતિવર્ષ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. સ્વર્ણિમ પાર્કમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે સરગાસણના પાણી શુધ્ધિકરણ પ્લાન્ટમાંથી સપ્લાય આપવામાં આવે છે. જયારે સહેલાણીઓ ઉપરાંત મોર્નિંગ વોક કરનારાઓ માટે પણ હોટફેવરીટ બનતા પાર્કની સુંદરતાને વધુ નિખારવા માટે તંત્ર દ્વારા પ્લાન્ટેશનનુ કામ હાથ ધરાયુ છે. સ્વર્ણિમ પાર્કમાં ૨૦ જેટલા મોટી ખજુરીના રોપા,વોશિંગ્ટન પામ ઉપરાંત એકઝોરા, કેના, વર્લેના, જાસુદ, ભાજી, બ્લેકલીલી, એન્યુનોલીયા, ગુલાબ બેંટેના સહીતના નતનવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. પાર્કમાં ઘોડાઘાસ પણ ઉછેરવામાં આવશે જેથી નિંદામણની સમસ્યા પણ હલ થશે જયારે નાગરિકોને બેસવામાં પણ કોઇ તકલીફ નહીં પડે.

સ્વર્ણિમ પાર્કમાં સ્થિત નાના પાંચ જેટલા તળાવ માટે પણ રોપાઓની વાવણી કરવામાં આવશે. જેમાં લાલ , વાદળી પીળા, અને ઓરેન્જ સહીતના કલરફુલ ફુલો પાર્કને વધુ નયનરમ્ય બનાવશે. જો કે આ કામગીરી પ્રાયોગિક ધોરણે કર્યા બાદ વિભાગમાં ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન કરાયા બાદ આખરી કરાશે.

# જિલ્લા આરોગ્ય તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ બિમારીની ઝપટમાં

**આજે પંચાયત સંકુલમાં આયુર્વેદ શાખા દ્વારા ખાસ નિદાન યજ્ઞ અને ઉકાળા વિતરણ**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર અને જિલ્લામાં રોગચાળાની સ્થિતિ વણસી રહી છે એટલુ જ નહિ હવે તો પંચાયત અને કલેક્ટર કચેરીના કર્મચારીઓ પણ વાહકજન્ય, પાણીજન્ય તેમજ વાઈરલ ફિવરના દર્દી બની રહ્યા છે. જો કે તંત્ર આમ છતાં જિલ્લામાં પરિસ્થિતિ 'સબ સલામત'નો દાવો કરી સંતોષ માની રહેલે છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના ૧૮ કેસ અને તેમાંથી ૬ ના મોત, ટાઈફોઈડ, કમળાના કેસો ઉપરાંત વાહકજન્ય રોગ મેલેરિયા, ડેન્ગ્યુના કેસોનો છેલ્લા પખવાડિયામાં જ ૨૦ થી વધુ નોંધાયા હોવાનું બિનસત્તાવાર સૂત્રોએ જણાવ્યુ છે. શહેરમાં ચિકનગુનિયાના પણ એક-બે છુટાછવાયા કેસો જોવા મળ્યા છે.

જિલ્લા પંચાયતમાં એક અધિકારી ડેન્ગ્યુની ઝપટમાં આવ્યા છે તો બે થી ત્રણ કર્મચારી પણ કમળો અને વાઈરલ ફિવરની ઝપટમાં આવી ગયા છે. આરોગ્ય શાળાના અધિકારીઓ પણ વધુ પડતા શ્રમને કારણે સિઝનલ બિમારી અનુભવી ચુક્યા હોવાની વાતો બહાર આવવા પામી છે. કલેક્ટર કચેરીમાં પણ કર્મયોગીઓ સિઝનલ બિમારી ઉપરાંત સ્વાઈન ફ્લુમાં સપડાયાની વાતો બહાર આવી છે.

આ દરમ્યાન જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા શનિવારના રોજ એક ખાસ

● અનુસંધાન પાન-૭ પર

**આર ટી ઓ કચેરીનો અંધેર વહીવટ**

# પાંચ દિવસથી સર્વર ડાઉન અરજદોરો ધુંઆપુંઆ

**સર્વર ડાઉન રહેતા અરજદારોના સઘળા કામ અટવાયા : સ્ટાફ સાથે પણ ઉગ્ર બોલાચાલી**



ગાંધીનગર તા ૨૮

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં પાઈલોટ પ્રોજેકટના અંતે કચેરીની કામગીરી ઓનલાઈન અને પેપરલેસ બનાવવા માટે ગિતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. પરંતુ શરૂઆતથી જ ટેકનિકલ ક્ષતિઓ વચ્ચે ઘેરાયેલી નગરની કહેવાતી સ્માર્ટ આર ટી ઓ કચેરીમાં છાશવારે સર્વર ડાઉન થતા અરજદારોએ ધકકે ચઢવાનો વારો આવે છે. છેલ્લા પાંચ દિવસથી આર ટી ઓ કચેરીમાં આવી જ સ્થિતિ છે. વાહનોના નંબરો સહીત લાઈસન્સની કામગીરી ઠપ્પ થઈ જતા અરજદારો મુંઝવણમાં મુકાયા છે.

નગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી હાઈટેક અને પેપરલેસ હોવાની વાતો વચ્ચે અરજદારો માટે રોજબરોજ નતનવી સમસ્યાઓ ઉભી થાય છે. સરકાર દ્વારા પાઈલોટ પ્રોજેકટ હાથ ધરી આર ટી ઓ કચેરીને ઓનલાઈન બનાવવા માટે ગતિવિધિઓ હાથ ધરી છે. પરંતુ આર ટી ઓ કચેરીમાં વારંવાર સર્વર ડાઉન થતા આમ નાગરિકોએ પારાવાર મુશ્કેલી વેઠવાનો વારો આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

**મતદારયાદીની સુધારણા – ૨૦૧૯**

**મતદારયાદીમાં નામ નોંધાવવા માટેની વધુ એક તક**

**તા.૩૦–૯–૨૦૧૮, રવિવારના રોજ ખાસ ઝુંબેશ**

**મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?**

- તા.૧–૧–૨૦૧૯ ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરતા હોય તે કે તેથી વધુ ઉંમરના નાગરીકનું નામ નોંધાવવા માટે નમૂના–૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજી કરવી.
- નમૂના–૬ માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના–૭ માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના–૮ માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના–૮(ક) માં અરજી કરવી.

**તા.૩૦–૯–૨૦૧૮, રવિવારના રોજ સવારે ૧૦–૦૦ થી સાંજે ૫–૦૦ કલાક દરમ્યાન આપના વિસ્તારના મતદાન મથકોએ ફોર્મના નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.**

**અરજી કરવાની છેલ્લી તારીખ : ૧૫–૧૦–૨૦૧૮**

**ખાસ ઝુંબેશના દિવસ બાદ તારીખ ૧૫–૧૦–૨૦૧૮ સુધીમાં આપ આપની અરજી મતદારનોંધણી અધિકારી/પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાં આપી શકશો.**

**☞ જૂના ઓળખકાર્ડને બદલે નવું કલર ફોટોગ્રાફ વાળું PVC ઓળખકાર્ડ મેળવો :**

- આપના જૂના ઓળખકાર્ડની જગ્યાએ નવું કલર ફોટોગ્રાફ વાળું PVC ઓળખકાર્ડ મેળવવા ઈચ્છતા હોય તો આપના જિલ્લા/તાલુકાના મતદાર સહાયતા કેન્દ્ર તેમજ અધિકૃત સ્થળોએ ફક્ત કામકાજના દિવસોએ કચેરી સમય દરમ્યાન નિયત ફી રૂ.૩૦/– ભરીને આપ મેળવી શકો છો. આ ઓળખકાર્ડ અધિકૃત કરવામાં આવેલ સ્થળોએથી જ મેળવવાનો આગ્રહ રાખો. આ ઓળખકાર્ડ મેળવવું ફરજીયાત નથી.
- જો નવું ઓળખપત્ર નહી લેવામાં આવે તો જૂનું ઓળખકાર્ડ પણ માન્ય રાખવામાં આવશે અને તેના ધ્વારા પણ આપ ચૂંટણી વખતે મતદાન કરી શકશો.

**યાદ રાખો**

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ ગુનો બને છે, આથી જો બે જગ્યાએ નામ હોય તો હાલ જયાં રહેતા હોય તો જગ્યાનું નામ ચાલુ રાખી બીજી જગ્યાએ ચાલતું નામ અવશ્ય કમી કરાવો.

**આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહી હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસો.**

– મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય.

માહિતી/૧૬૭૦/૧૮-૧૯

# સે-૨૪ માં સ્થાનિકોએ સ્વેચ્છાએ દબાણ દુર કરવાનુ શરૂ કર્યુ

**આજે પણ તંત્રએ ૧૫ જેટલા પાકા દબાણો દુર કરાયા**

ગાંધીનગર તા ૨૮

શહેરમાં હાથ ધરાયેલી દબાણ હટાવ ઝુંબેશના અંતે ગઈકાલે સે-૨૪ માં વિવાદાસ્પદ દબાણો દુર કરયા હતા સેકટરમાં શ્રીનગર વિસ્તારમાં પાકા દબાણો દુર કરવા માટે આજે પણ તંત્રની ટીમ કામે લાગી હતી. જયારે આજે ૧૫ જેટલા પાકા દબાણો તંત્ર દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. જો કે દબાણતંત્રની કામગીરીને અનુલક્ષી સ્થાનિકોએ પણ સ્વેચ્છાએ દબાણો દુર કરવાનુ શરૂ કરી દીધુ હતુ.

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ યથાવત છે. એકબાજુ રહેણાંક વિસ્તારમાં હેતુફેરના મામલે દુકાનો સીલ કરવા માટે પણ તંત્ર દ્વારા ગતિવિધિઓ હાથ ધરાતા વેપારીઆલમમાં સન્નાટો છવાઈ ગયો છે. જયારે અગાઉ તંત્ર દ્વારા સે-૧ માં તેમજ ઘ-૨ પાસે સ્થિત કોર્મશિયલ કોમ્પેલક્ષમાં ભોંયરાના ઉપયોગમાં હેતુફેર થતો હોવાનુ ધ્યાને આવતા સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જયારે સેકટરોમાં રહેણાંક વિસ્તારમાં અન્ય ઠેકાણે ધમધમતી દુકાનોને અનુલક્ષીને પણ વેપારીઓને નોટીસ આપવામાં આવી છે. જેથી વેપારીઆલમમાં પણ ફફડાટ વ્યાપ્યો છે. આવા સંજોગોમાં વેપારીઓ પોતાની દુકાનોના શટર ઉતારી સામાન પણ ખસેડવાની કામગીરીમાં લાગી ગયા છે. જો કે બંધના એલાન બાદ હાલ વેપારીઓ રાબેતા મુજબ ધંધો કરતા નજરે પડે છે. બીજીતરફ સે-૨૪ માં દબાણ હટાવ ઝુંબેશ અન્વયે પાકા દબાણો પર ગઈકાલથી તંત્ર દ્વારા ફરી બુલડોઝર ફેરવવાનુ શરૂ કરી દેવાયુ છે.ગઈકાલે પણ ૧૫ જેટલા દબાણો દુર કરાયા હતા. જયારે સેકટરના શ્રીનગર વસાહતમાં આજે અંબાજી ચોક આસપાસની દુકાનો પણ તોડવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર



શહેરના સે-૨૧ માં વરસાદી પાણીનો ભરવો થતો હતો તેવા નિચાણવાળા વિસ્તારને સમથળ કરીને સી સી રોડ બનાવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ કામગીરીને અનુલક્ષીને રૂટમાં આવતા વિશાળ થડના વૃક્ષની કટોતી કરવામાં આવી હતી. બે દિવસ પુર્વ આ વૃક્ષને કાપવાના મામલે પ્રકૃતિ પ્રેમીઓએ રોષની લાગણી પણ વ્યકત કરી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com